


# પાંડેસરાના લોકો 15 દિવસથી પીવાના પાણી માટે ટેન્કરના સહારે

**ટેન્કરમાંથી** પાણી લેવા આકરા બફારામાં લોકો લાઇનમાં ઊભા રહેવા મજબૂર

**ગંદા** પાણીની ફરિયાદ હતી તો ફોલ્ટ શોધવા માટે ઠેર ઠેર ખોદકામ કરતાં રસ્તા પણ બિસમાર

### ઝાડા-ઊલ્ટીના કેસ વધ્યા

સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા એક પખવાડિયાથી ગંદા અને દુર્ગંધયુક્ત પાણીના કારણે લોકો નાછૂટકે ટેન્કર અને પેકેજ્ડ પાણી ખરીદવા મજબૂર બન્યા છે, જેના કારણે તેમના પર વધારાનો આર્થિક બોજ પણ પડ્યો છે. સાથે જ વિસ્તારમાં ખાસ કરીને નાના બાળકોમાં ઝાડા-ઉલ્ટીના કેસોમાં નોંધપાત્ર વધારો નોંધાઈ રહ્યો

સુરત : સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં છેલ્લા ડહોળું, દુર્ગંધયુક્ત અને અપુરતા પ્રમાણમાં પાણી મળતાં લોકો ટેન્કર અને વેચાતા પાણી પર નિર્ભર બન્યા છે. વારંવાર રજૂઆતો છતાં મહાનગરપાલિકાનું હાઈડ્રોલિક વિભાગ સમસ્યાના કાયમી નિરાકરણમાં નિષ્ફળ રહ્યું હોવાના આક્ષેપો સ્થાનિકોમાંથી ઉઠી રહ્યા છે.

પાંડેસરાના સંદીપનગર, શિવમનગર, સીતારામનગર, માહ્યાવંશી મોહલ્લો, ભરવાડ મોહલ્લો તેમજ ગામતળ વિસ્તારની અનેક સોસાયટીઓમાં પાણી પુરવઠાની સમસ્યા સતત યથાવત છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પીવાના પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા પાણી સાથે પ્લાસ્ટિકના ટુકડાઓ પણ બહાર આવી રહ્યા છે. પરિણામે પરિવારજનોને પીવા અને રોજિંદા ઉપયોગ માટે શુદ્ધ પાણી મેળવવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

રહેવાસીઓનો આક્ષેપ છે કે ફરિયાદો બાદ હાઈડ્રોલિક વિભાગના અધિકારીઓ મોડા સમયે તપાસ માટે આવે છે, જ્યારે તે સમયે પાણી પુરવઠો બંધ હોય છે અને મોટાભાગના લોકો નોકરી-ધંધા માટે નીકળી ગયા હોય છે. જેના કારણે વાસ્તવિક સ્થિતિની યોગ્ય તપાસ થતી નથી અને સમસ્યા યથાવત રહે છે. બીજી તરફ લીકેજ શોધવા માટે વિભાગ દ્વારા વિસ્તારમાં અનેક સ્થળોએ ખાડાઓ ખોદવામાં આવ્યા છે. પરંતુ ખોદકામ બાદ રસ્તાઓનું યોગ્ય સમારકામ ન થતાં માર્ગો જર્જરિત બની ગયા છે. જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને રોજિંદી અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસાની ઋતુ નજીક હોવાથી તૂટેલા રસ્તાઓને કારણે અકસ્માતોની સંભાવના પણ વધી હોવાનું સ્થાનિકોનું કહેવું છે.

દારૂ પીવાવાળાની અવરજવર અટકાવવા પતરું મૂક્યું હતું

# ખટોદરામાં બુટલેગરોનો સોસાયટીમાં ઘૂસી પથ્થરમારો

**બુટલેગર** સામે અરજી કરતાં ટોળા સાથે ધસી આવ્યા

સુરતઃ ખટોદરા વિસ્તારમાં દારૂના વેચાણનો વિરોધ કરવા બદલ સોસાયટીના રહીશો પર જીવલેણ હુમલો કરાયો હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. ઉધના-મગદલ્લા રોડ પર આવેલી સોમનાથ સોસાયટીના રહીશોએ બહારના તત્ત્વો અને બુટલેગરોની હેરાનગતિથી બચવા માટે બનાવેલી પતરાની કામચલાઉ કમ્પાઉન્ડ વૉલને અસામાજિક તત્ત્વોએ લાકડાના ફટકા અને પથ્થરો વડે તોડી પાડી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ હિંસક હુમલામાં સોસાયટીના એક રહીશને કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચતા લોહીલુહાણ હાલતમાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.

પોલીસ ફરિયાદ મુજબ સોમનાથ સોસાયટી અને તેની પાછળ આવેલી હનુમાન શેરી વચ્ચે સોસાયટીની જૂની કમ્પાઉન્ડ વૉલ પડી ગઈ હતી. હનુમાન શેરીના રહીશો અને અસામાજિક તત્ત્વોએ રાત્રિના સમયે સોસાયટીમાંથી પૂરપાટ ઝડપે વાહનો હંકારી હોર્ન વગાડી ન્યૂસન્સ ઊભું કરતા હતા. આથી, બહારની વ્યક્તિઓની ગેરકાયદે અવરજવર રોકવા સોસાયટીના સભ્યોએ પાલિકામાં અરજી કરી ગત તારીખ ૩ જૂનના રોજ રૂ. ૩૫,૦૦૦ના ખર્ચે પતરાની કામચલાઉ દિવાલ બનાવી હતી. દરમિયાન, ૧૫ જૂનની રાત્રે આશરે સાડા નવ વાગ્યે હનુમાન શેરીની મહિલાઓ આ દિવાલ હટાવવા આવી હતી. ત્યારબાદ દારૂનું વેચાણ કરતાં અને આ વિસ્તારમાં આતંક મચાવતા જીતેન્દ્ર ઉર્ફે પપ્પુ અને પંકજ રાઠોડ નામના શખ્સો લાકડાના ફટકા સાથે ધસી આવ્યા હતા અને દિવાલ તોડવા લાગ્યા હતા. સોસાયટીના રહીશોએ તોડફોડનો વિરોધ કરતા જ મામલો બિચક્યો હતો. પાછળથી કેવલ, મેહુલ, નિરજ અને કમલાબેન નામના શખ્સો પણ પથ્થરો લઈને હુમલામાં જોડાયા હતા. આ ગાળા દરમિયાન થયેલા ભારે પથ્થરમારામાં સોસાયટીના અજયભાઈ મૂળચંદદાસ રાણા (ઉ.વ. ૪૦, ધંધો-જરીકામ)ને ડાબી આંખની ઉપર કપાળના ભાગે પથ્થર વાગતા તેમનું માથું ફાટી ગયું હતું. હુમલાખોર જીતેન્દ્ર ઉર્ફે પપ્પુએ બૂમો પાડી 'જો આ પતરાની દિવાલ નહીં હટાવો તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી ભયનો માહોલ સર્જ્યો હતો. આ હિંસક હુમલાના સીસીટીવી અને વીડિયો ફૂટેજ પણ સામે આવ્યા છે. સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### પ્રેમજાળમાં ફસાવી ચાર વર્ષ સુધી સગીરા પર દુષ્કર્મ

સુરતઃ પુણા વિસ્તારમાં રહેતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેના પર ચાર વર્ષ સુધી દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ૧૭ વર્ષની સગીરા સાથે પ્રમોદ અગ્રવાલ (રહે. ગીતાનગર સોસાયટી, ચોર્યાશી ડેરી સામે, પરવટગામ, સુરત) મિત્રતા કેળવી હતી. ત્યારબાદ 'હું તને પ્રેમ કરું છું અને તારી સાથે જ લગ્ન કરવા માંગું છું' તેવી વાતો કરીને વિશ્વાસમાં લીધી હતી.

ત્યારબાદ સગીરાની મરજી વિરુદ્ધ પાંચથી છ વખત બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં તા. ૧૫ જૂનના રોજ આરોપીએ સગીરાને તેના પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે પોક્સો કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં સગીરા પર અત્યાચારની ઘટનાઓમાં ગંભીર રીતે વધારો થઈ રહ્યો છે.

### સોની ફળિયામાંથી એમડી સાથે મહિધરપુરાનો શખ્સ ઝડપાયો

સુરતઃ અઠવાલાઈન્સ પોલીસે સોનીફળિયામાંથી MD) ના જથ્થા સાથે એકને રંગેહાથ ઝડપી પાડ્યો છે. આ કેસમાં બાપુનગરના બોરડીમાં રહેતા માફિયાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસને બાતમી મળી હતી કે એક શખ્સ ડ્રગ્સનો જથ્થો લઈને અઠવા વિસ્તારમાં વેચવા માટે આવવાનો છે. બાતમીના આધારે પોલીસે સોની ફળિયામાં આવેલા આર્ય સમાજ હોલની પાસે જાહેર રોડ પર ગુપ્ત વોચ ગોઠવી હતી. દરમિયાન સાંજના ૪:૩૦ થી ૭:૦૦ વાગ્યાના અરસામાં ત્યાંથી પસાર થતી એક શંકાસ્પદ ઓલા મોપેડને રોકી પોલીસે ચાલકની તલાશી લેતાં તેની પાસેથી ડ્રગ મળી આવતા તેની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે પકડેલા આરોપીની ઓળખ ઈશાક ઈબ્રાહીમ સૈયદ (ઉં.વ.૪૦, ધંધો-વેપાર, રહે., હીના પેલેસ, તૈયબી મહોલ્લો, ઝાંપા બજાર, મહિધરપુરા) તરીકે થઈ છે.

# જન્મ-મરણના દાખલા માટે વરાછા ઝોનમાં લાંબી લાઈન

**ધીમી** કામગીરી સામે રોષ, 'નોટબંધી જેવો માહોલ' હોવાનો આક્ષેપ

**ભારે** ભીડ હોવા છતાં 2 વાગ્યે કામગીરી બંધ કરી દેવામાં આવે છે



સુરત : શાળા પ્રવેશની સિઝન શરૂ થતાં સુરત મહાનગરપાલિકાની વરાછા ઝોન-એ કચેરી ખાતે જન્મ અને મરણના દાખલા મેળવવા માટે નાગરિકોની ભારે ભીડ ઉમટી રહી છે. આખા નામવાળા જન્મના દાખલાની જરૂરિયાતને કારણે વાલીઓ વહેલી સવારથી લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. કચેરીમાં સવારે 10:30થી બપોરે 2 વાગ્યા સુધી જ કામગીરી થતી હોવાના કારણે અનેક લોકોને સતત બે-ત્રણ દિવસ સુધી ધક્કા ખાવા પડી રહ્યા છે.

સ્થાનિક નાગરિક નીતિનભાઈ કાકલોતરે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, હાલની સ્થિતિ નોટબંધીના સમય જેવી બની ગઈ છે. લોકો સવારથી ટિફિન અને નાસ્તો લઈને લાઈનમાં ઊભા રહે છે, છતાં સમયસર કામ થતું નથી. ગરમી અને ભીડના કારણે કોઈને પણ તબિયત બગડવાની કે હાર્ટ એટેક આવવાની ભીતિ રહે છે. બીજી તરફ હોસ્પિટલમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા જગન્નાથ પાઢીએ જણાવ્યું હતું કે તેમના બાળકના જન્મના દાખલામાં થયેલી જોડણીની ભૂલ સુધારવા માટે તેમને વારંવાર કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા છે. ફી ભર્યા બાદ પણ દાખલામાં ફરી ભૂલ થતાં આ તેમનો ચોથો ધક્કો હોવાનું તેમણે જણાવ્યું હતું. નાગરિકોએ તંત્ર પાસે કામગીરી ઝડપી બનાવી લોકોની હાલાકી દૂર કરવાની માંગ કરી છે.

# મસ્તી ઉગ્ર બનતા ધો.6ના વિદ્યાર્થીને ચાકુ મરાયું હતું

**પાછળ** ચાલતા એક વિદ્યાર્થીએ ચપ્પુ આપ્યું અને બીજાએ ઘા માર્યો

**પોલીસે** બે સગીર વયના વિદ્યાર્થીઓની પૂછપરછ શરૂ કરી

**ચપ્પુ** સ્કૂલમાં વિદ્યાર્થી લઈને ગયો હતો કે કેમ તે દિશામાં તપાસ

સુરતઃ મંગળવારે ઉધનામાં ધો.6ના વિદ્યાર્થીને ધો. 7ના વિદ્યાર્થીએ ચાકુ મારી દીધું હતું. સાથે ઘરે જઈ રહેલા વિદ્યાર્થીઓ વચ્ચે મસ્તી બાબતે મામલો બિચક્યો હતો. જેમાં પાછળ ચાલતા વિદ્યાર્થીએ ચાકુ આપતા જ આગળ ચાલી રહેલા વિદ્યાર્થીએ ચપ્પુ મારી દીધું હતું.

પોલીસે હુમલો કરનાર વિદ્યાર્થીની અટકાયત કરી પૂછપરછ હાથ ધરતાં ચોંકાવનારો ખુલાસો થયો છે. હુમલાખોર સગીરે કબૂલાત કરી છે કે, તેની સાથે ચાલતા અન્ય એક સાથી વિદ્યાર્થીએ જ તેને ચપ્પુ આપ્યું હતું, જેના વડે તેણે આ ઘા માર્યો હતો.

હાલ પોલીસે આ ગુનામાં સંડોવાયેલા બંને સગીર વયના વિદ્યાર્થીઓની સઘન પૂછપરછ શરૂ કરી છે. વિદ્યાર્થી ચપ્પુ પહેલેથી જ ઘરેથી લાવ્યો હતો કે પછી રસ્તામાંથી મેળવ્યું હતું, તે દિશામાં પોલીસે તપાસ કેન્દ્રિત કરી છે. શાળાના બાળકોમાં વકરી રહેલી આ ગુનાહિત માનસિકતાએ વાલીઓ અને સ્કૂલ પ્રશાસનની ચિંતા વધારી દીધી છે.

આ ઘટનાના કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને હથિયાર લઈને શાળામાં આવતા વિદ્યાર્થીઓ પર વોચ ગોઠવવી જોઈએ

# અડાજણમાં ઊંઘતી પત્નીના પેટમાં ચપ્પુ હુલાવી દીધું

**ચારિત્ર્ય** પર શંકા રાખી લોહીલુહાણ પત્નીનું સીમકાર્ડ કાઢી પતિ ફરાર

સુરતઃ અડાજણમાં અગાઉ પત્નીના ચારિત્ય પર શક-વહેમ રાખી નોકરી છોડાવનારા ક્રૂર પતિએ રાત્રિના સમયે ઘરમાં ઘૂસી, ગાઢ નિદ્રામાં સૂતેલી પત્ની પર શાકભાજી કાપવાના ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હતો. ગળાના ભાગે વાર કરવાનો પ્રયાસ નિષ્ફળ જતાં નરાધમ પતિએ પત્નીના પેટના જમણા ભાગે ચપ્પુનો ઘા ઝીંકી દઈ ગંભીર ઈજા પહોંચાડી હતી. એટલું જ નહીં, પત્ની કોઈને મદદ માટે ફોન ન કરી શકે તે હેતુથી તેના મોબાઈલમાંથી સિમકાર્ડ પણ કાઢીને ભાગી છૂટ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલી મહિલા હાલ નવી સિવિલ હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલાં ખાઈ રહી છે.

અડાજણની વિદ્યાકુંજ સ્કૂલ પાસે આવેલી વૃંદાવન સોસાયટીમાં રહેતી ૩૫ વર્ષીય જિજ્ઞાશાબેન તેજસભાઈ કોરપે ઘરોમાં કચરાપોતાનું કામ કરીને પોતાના બે માસૂમ બાળકોનું ગુજરાન ચલાવે છે. તેનો પતિ તેજસ ભરતભાઈ કોરપે છેલ્લા ચાર મહિનાથી બેકાર હોવાથી પાલનપુર જકાતનાકા ખાતે પોતાના માતા-પિતાના ઘરે રહે છે. અગાઉ પત્ની પર ખોટો વહેમ રાખી તેની નોકરી છોડાવનાર તેજસ અવારનવાર રસ્તામાં મળીને ગાળો આપતો હતો. દરમિયાન, ગત ૧૬ જૂનની રાત્રે આશરે ૧૨:૧૦ વાગ્યે તેજસ અચાનક જિજ્ઞાશાબેનના ઘરે આવ્યો હતો. પત્નીએ અંદર આવીને પાણી પીવાનું કહેતા જ તે ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો બોલવા લાગ્યો હતો. જેથી જિજ્ઞાશાબેન તેને અવગણીને બેઠકરૂમમાં સૂઈ ગયા હતા. જે બાદ પતિએ હુમલો કરી દીધો હતો.

લોહીલુહાણ હાલતમાં જિજ્ઞાશાબેને ઘરની બહાર આવી મદદ માંગતા સોસાયટીના યુવકો દોડી આવ્યા હતા. યુવકોએ ઈજાગ્રસ્ત મહિલાને નાયરા પેટ્રોલ પંપ પાસે રહેતી તેમની બહેનપણી ઉર્વશીબેન સોલંકીના ઘરે પહોંચાડી હતી, જ્યાંથી ઉર્વશીબેન પોતાની ફોર વ્હીલર ગાડીમાં તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા.

હાલમાં હોસ્પિટલના બિછાનેથી જિજ્ઞાશાબેને આપેલા નિવેદનના આધારે પોલીસે કાતિલ પતિ તેજસ કોરપે વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જિજ્ઞાશાબેન ગાઢ નિદ્રામાં હતા ત્યારે આશરે પંદર મિનિટ પછી તેજસ ચપ્પુ લઈને રૂમમાં આવ્યો હતો. પત્ની અચાનક જાગી જતાં તેજસે સીધો તેના ગળાના ભાગે ચપ્પુનો ઘા કરવાનો પ્રયાસ કર્યો હતો.

### તાવનો મેડિક્લેઈમ ફગાવનાર વીમા કંપનીનો કાન આમળતી ગ્રાહક કોર્ટ

સુરતઃ એન્ટેરિક ફીવરની સારવારનો ક્લેમ નામંજૂર કરનાર વીમા કંપની સામે સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)એ ચુકાદો આપી ગ્રાહકના સારવારનો ખર્ચ ચૂકવી આપવા હુકમ કર્યો હતો. પુણા ગામના ફરિયાદી હિતેશભાઈ ગોવિંદભાઈ માણીયાના પિતાની તબિયત બગડતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરિયાદીના પિતાને Enteric Fever (એન્ટેરિક ફીવર) હોવાનું નિદાન થયું હતું. જરૂરી સારવાર બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. સારવાર પાછળ અંદાજે રૂ.૩૭,૦૦ જેટલો ખર્ચ થયો હતો. જેનો ક્લેઈમ વીમા કંપનીમાં રજૂ કરાતાં વીમા કંપનીએ નામંજૂર કર્યો હતો. જેથી ફરિયાદીએ ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરી હતી. કોર્ટે ક્લેઈમ ગેરવાજબી રીતે નામંજૂર કરવામાં આવ્યો હોવાનું તારણ કાઢ્યું હતું.

# ટેક્સટાઈલ પોલીસ સ્ટેશન માટે SMCએ જમીન ફાળવી

**ફોસ્ટાની** ત્રણ વર્ષ જૂની માંગણીનો સ્વીકાર

**કાપડના** વેપારીઓ સાથે બનતા ગુના એક જ પોલીસ સ્ટેશનમાં નોંધાશે

સુરતઃ સુરતના કાપડ ઉદ્યોગ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયરૂપે રાજ્યના ગૃહ વિભાગે ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડ એસોસિયેશન (ફોસ્ટા)ની લાંબા સમયથી ચાલતી માંગણી સ્વીકારી છે. સુરતના કાપડ માર્કેટ વિસ્તાર માટે વિશેષ ટેક્સટાઈલ પોલીસ સ્ટેશન સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે. આ માટે સુરત મહાનગર પાલિકાએ ગૃહ વિભાગને જરૂરી જમીનની ફાળવણી પણ કરી દીધી હોવાનું જાણવા મળે છે.

નવી વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ કાપડ વેપારીઓ સાથે થતા આર્થિક ગુનાઓની તપાસ એક જ પોલીસ સ્ટેશનના માધ્યમથી કરવામાં આવશે. હાલમાં સલાબતપુરા, મહિધરપુરા, સરોલી, ઉધના, પૂણા, વરાછા અને ગોડાદરા પોલીસ સ્ટેશનોની હદમાં બનતા ટેક્સટાઈલ વેપાર સંબંધિત ઠગાઈ, છેતરપિંડી, વિશ્વાસઘાત અને અન્ય આર્થિક ગુનાઓ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં નોંધાતા હતા. હવે આવા તમામ કેસો સીધા ટેક્સટાઈલ પોલીસ સ્ટેશનમાં નોંધાશે.

ફોસ્ટાના નવનિયુક્ત અગ્રણીઓએ જણાવ્યું હતું કે, કાપડ ઉદ્યોગની વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવનાર આ પોલીસ સ્ટેશન માત્ર ટેક્સટાઈલ વેપારીઓ સાથે થતા આર્થિક ગુનાઓની તપાસ અને નિરાકરણ માટે જ કાર્ય કરશે. પરિણામે કેસોની તપાસ વધુ ઝડપી બનશે.

કાપડ વેપારમાં દર વર્ષે અંદાજે રૂ.1000 કરોડથી વધુની છેતરપિંડી અને ઉઘરાણી સંબંધિત ફરિયાદો સામે આવતી હોવાનું ઉદ્યોગ સંગઠનોનું કહેવું છે.

અઠવાડિયામાં બે દિવસ આ ફ્લાઇટની સુવિધા મળશે

# સ્ટાર એરલાઈન સુરત - મુંબઈ - સુરત વાયા ભુજની ફ્લાઈટ શરૂ કરશે

**23** જૂનથી 4 દિવસ આ જ વિમાન ગોવા- મુન્દ્રા - સુરત અને સુરતથી ગોવા માટે ઓપરેટ થશે

**સુરત** કરતા વધુ લાભ મુંબઇ રહેતા કચ્છીઓ ઉઠાવશે

સુરતઃ 22 જૂન થી સ્ટાર એર વિકમાં 2 દિવસ સોમવાર અને બુધવારે સુરત - મુંબઈ - સુરત વાયા ભુજની ફ્લાઈટ શરૂ કરશે. મુંબઈથી આ ફ્લાઈટ બપોરે 13.10 કલાકે ટેક ઓફ થઈ ભુજ જશે અને ભુજથી સુરત16.10 કલાકે પહોંચશે.

બપોરે 16.30 કલાકે સુરતથી ટેક ઓફ થઈ રાતે 19.30 કલાકે મુંબઈ પહોંચશે.

સ્ટાર એરની આ ફ્લાઈટ 76 સીટર રહેશે. મુંબઈ, સુરત અને ભુજના પ્રવાસીઓએ મળી 76 પેસેન્જર ઉપલબ્ધ કરાવશે એવી એરલાઈનને આશા છે.

આ જ એરક્રાફ્ટ વિકમાં ચાર દિવસ સોમવાર અને બુધવાર સિવાય ગોવા - મુન્દ્રા - સુરત અને સુરતથી ગોવા માટે ઓપરેટ થશે.

મંગળ,ગુરુ શુક્ર, શનિ ગોવાથી 07.40 કલાકે ટેક ઓફ થઈ વાયા મુન્દ્રા થઈ 11.45 કલાકે સુરત આવશે.

સુરતથી 14.15 કલાકે મુન્દ્રા જશે. ત્યાંથી 17.30 કલાકે ગોવા પહોંચશે. ગોવા-સુરત-ગોવા વાયા મુન્દ્રા 23 જૂનથી શરૂ થશે.

# મહિલાના કો-ઓપ્શન માટે બાર કાઉન્સિલમાં માળખું બનાવો: સુપ્રીમ

**સુપ્રીમ** કોર્ટના આદેશને પગલે હવે બાર કાઉન્સિલનું માળખું ઝડપથી બનશે: ઝકી શેખ

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા રજૂ કરાયેલા 10 ટકા મહિલા કો-ઓપ્શનના સુચનને સુપ્રીમ કોર્ટે પ્રાથમિક રીતે ન્યાયસંગત અને યોગ્ય ગણાવી BCIને તમામ હિતધારકો સાથે ચર્ચા કરીને 14 જુલાઈ સુધી અંતિમ માળખું તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે બીસીજી સભ્ય ઝકી મુખ્તયાર શેખે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશને પગલે હવે બાર કાઉન્સિલ નું માળખું ઝડપી બનશે. મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ વી. મોહનની ખંડપીઠે રાજ્ય બાર કાઉન્સિલોમાં મહિલા વકીલોને 30 ટકા પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા સંબંધિત અરજીઓ પર સુનાવણી કરી હતી. સુનાવણી દરમિયાન કોર્ટમાં જણાવવામાં આવ્યું કે મોટાભાગની રાજ્ય બાર કાઉન્સિલોની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે અને પરિણામો પણ જાહેર થઈ ચૂક્યા છે. હવે માત્ર મહિલાઓ માટેની 10 ટકા કો-ઓપ્શન બેઠકો કેવી રીતે ભરવી તે મુદ્દે અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. BCIએ ચૂંટણીમાં વિજયથી વંચિત રહી ગયેલી પરંતુ સૌથી વધુ મત મેળવનાર મહિલા ઉમેદવારોને કો-ઓપ્ટ કરવાનું સુચન કર્યું હતું. સુનાવણી દરમિયાન વકીલોએ દલીલ કરી હતી કે અગાઉ કોર્ટ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે 10 ટકા કો-ઓપ્શનની વ્યવસ્થા નિષ્ફળ ઉમેદવારો માટે અનામત બેઠકોમાં પરિવર્તિત ન થવી જોઈએ. તેના જવાબમાં કોર્ટે સ્પષ્ટ કર્યું કે મહિલાઓને 30 ટકા પ્રતિનિધિત્વ આપવાનો હેતુ છે, અનામત આપવાનો નહીં. કોર્ટે BCI તરફથી હાજર એડવોકેટ રાધિકા ગૌતમને નવું માળખું તૈયાર કરવા મંજૂરી આપી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરત સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

સુરત : સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ-સુરત દ્વારા વર્ષ 2025-26 દરમિયાન શિક્ષણ, રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર બ્રાહ્મણ સમાજના વિદ્યાર્થીઓના સન્માન માટે 28 જૂને ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કાર ભારતી વિદ્યાલય ઓડિટોરિયમ, પાલનપુર પાટિયા ખાતે સવારે 9 વાગ્યે યોજાનારા કાર્યક્રમમાં ધોરણ 10 અને 12માં 80 ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર તેમજ જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. પ્રમુખ જયદિપભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે લાયક વિદ્યાર્થીઓએ માર્કશીટ, આધારકાર્ડ તથા સંબંધિત પ્રમાણપત્રોની નકલો 23 જૂન સુધી નિયત કેન્દ્રો પર રૂબરૂ જમા કરાવવાની રહેશે.

### તળાવિયા પરિવારનો સ્નેહમિલન સમારોહ યોજાયો, 3500 સભ્યો હાજર રહ્યા



સુરતઃ તળાવિયા પરિવારના 10મા ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન ઉત્સાહ, એકતા અને સંસ્કારના માહોલમાં કરાયું હતું. 3500થી વધુ પરિવારજનોની ઉપસ્થિતિએ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. સમારોહમાં રાજ્યના મંત્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સમાજસેવક જયસુખભાઈ જેરામભાઈ (જે.જે. ગ્રુપ) દ્વારા બે દીકરીઓના લગ્નનો સંપૂર્ણ ખર્ચ ઉપાડવાની જાહેરાત કરી હતી.સમારોહમાં વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર પરિવારજનોનું સન્માન કરાયું હતું. ઉપરાંત અંગદાન, આરોગ્ય સેવા અને સમાજસેવા અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા.

### આજે માણસ એડજસ્ટ થતો નથી, તેથી દુખી થાય છે: પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ થાણા જિલ્લા સ્થિત કાલ્હેરના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયના આરાધનાભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતાં કહ્યું હતું કે, પાણી જ્યાં પણ જાય છે ત્યાં એડજસ્ટ થઈ જાય છે. પાણીને ગ્લાસમાં નાંખો તો ગ્લાસનો આકાર ધારણ કરી લે છે. પાણી ટાંકીમાં જાય તો ટાંકી સ્વરૂપ બની જાય છે. થરમોસમાં નાંખો તો તે સ્વરૂપે 'એડજસ્ટ' થઈ જાય છે. આજનો માણસ ક્યાંય 'એડજસ્ટ' નથી થતો માટે દુ:ખી થાય છે. ચાહે કુટુંબ હોય, પરિવાર હોય કે સમાજ હોય. માણસ પોતાના વિચારોની પકડમાં મજબૂત રીતે બંધાયેલો હોય છે. સહેજ પણ બાંધછોડ કરવા તૈયાર થતો નથી. જો તમારે શાંતિ અને સમાધિપૂર્વક જીવવું હોય તો એકબીજાના વિચારો સાથે 'એડજસ્ટ' થઈ જવું જોઈએ.

### સિધ્ધરૂદ્ર બ્રહ્મ સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં યુવાઓનું સન્માન કરાયું



સુરતઃ સુરત સ્થિત સિધ્ધરૂદ્ર બ્રહ્મ સમાજના સ્નેહ મિલન કાર્યક્રમમાં સમાજનાં યુવા બહેનોના વિશિષ્ટ સન્માનનોકાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભા. કિસાન મોરચા, ભરૂચના પ્રમુખ રાકેશભાઈ પટેલ, ભરૂચ જીલ્લા પંચાયતના સભ્ય કર્મિશા પટેલ, અંકલેશ્વર તાલુકા પંચાયતના સભ્ય ભાવિકા પટેલ, હાંસોટ તાલુકા પંચાયતના પ્રમુખ વિશાલભાઈ પટેલ, નમો ઝવેરી હાઈસ્કૂલના માધ્ય. શિક્ષિકા ભાવનાબેન પટેલ અને સુરત સિવિલ નર્સિંગ કોલેજના અધિકારી સોનલબેન પટેલનું સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં સમાજના કથાકાર વિનોદભાઈ ભટ્ટ, પ્રમુખ અજયભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, દિક્ષિતભાઈ પટેલ, તુષારભાઈ ભટ્ટ અને સમાજના વડીલો અને માતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સંચાલન આઈ.એન.ટેકરાવાલા સ્કૂલના સમાજના શિક્ષિકા રશ્મિબેન પટેલે કર્યું હતું.

### ગોવામાં આંતરરાષ્ટ્રીય નૃત્ય મહોત્સવમાં સુરતની ઝીલ અને ઝલકની સિદ્ધી



સુરતઃ સુરતની જાણીતી શાસ્ત્રીય નૃત્ય સંસ્થા નૃત્યાંજલિએ ગોવામાં તા.1થી 4 જૂન, 2026 દરમિયાન યોજાયેલા "ભારત નૃત્ય મહોત્સવ-ઓલ ઈન્ટરનેશનલ ડાન્સ કોન્ટેસ્ટ એન્ડ ફેસ્ટિવલ"માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સુરત શહેરનું ગૌરવ વધાર્યું છે. આ પ્રતિષ્ઠિત મહોત્સવમાં મુંબઈ, ઉદયપુર, રાજસ્થાન, દક્ષિણ ભારત સહિત દેશનાં વિવિધ રાજ્યો અને શહેરોમાંથી કલાકારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કલાગુરુ પાયલ રવિના માર્ગદર્શન હેઠળ ભરતનાટ્યમ ડ્યુએટ શ્રેણીમાં કુમારી ઝીલ ભટારિયા અને ઝલક ભટારિયાએ તેમજ કુમારી શારણ્યા અને લિયાએ નૃત્ય પ્રસ્તુતિ રજૂ કરી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

### સુરતના અલફરદાન શેખે શૂટિંગ કોમ્પિટિશનમાં ગોલ્ડ મેડલ જિત્યો



સુરતઃ સુરતના અલફરદાન એન. શેખેકોચ રુસ્તમ જે. કાટપીટ્યાના ગાઈડન્સમાં તા. ૧૩/૦૬/૨૦૨૬ થી ૧૪/૦૬/૨૦૨૬ સુધી બરોડા ખાતે યોજાયેલી છઠ્ઠીઓપન સાઉથ-સેન્ટ્રલ ગુજરાત શૂટિંગ કોમ્પિટિશન-2026માં ભાગ લઈ 0.22 ઓપન સાઈટ રાયફલ 50 મીટર મેન્સ ઇન્ડિવિજ્યુઅલ કેટેગરીમાં 451નો સ્કોર કરી પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ જીત્યો છે.

### અડાજણની સેન્ટપાર્ક સોસા.માં સીમંધર સ્વામી દાદાના રજોત મહોત્સવની ભવ્ય ઉજવણી

સુરત : અડાજણ ખાતે આવેલી સેન્ટ પાર્ક સોસાયટીમાં બિરાજમાન શ્રી સીમંધર સ્વામી દાદાના પવિત્ર જિનાલયના 25મા સ્થાપના વર્ષ નિમિત્તે રજોત મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પૂજ્ય પંન્યાસ રત્નચંદ્ર મહારાજ સાહેબની પાવન નિશ્રામાં યોજાનારા પાંચ દિવસીય મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો, પૂજન, ભક્તિ, આરાધના, પ્રવચનો તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સમગ્ર સોસાયટી ધર્મમય અને ઉત્સવમય વાતાવરણથી ઝળહળી ઊઠશે. મહોત્સવનો મુખ્ય પ્રસંગ જેઠ સુદ છઠ્ઠ, શનિવાર તા. 20 જૂન, 2026ના રોજ ઉજવાશે, જેમાં જિનાલયના શિખર પર નવી ધજા ચઢાવવાનો શુભ કાર્યક્રમ યોજાશે.

### તા.24મીએ સુરતની હેડ પોસ્ટ ઓફિસમાં ડાક અને એનપીએસ અદાલતનું આયોજન

સુરતઃ ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સીનિયર સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, નાનપુરા હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડિંગ સુરત ખાતે આગામી તા.24મી જુનના રોજ બપોરે 3 કલાકે 'ડાક અદાલત' અને 4 કલાકે 'એનપીએસ અદાલત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલતમાં નીતિ વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓને અને એનપીએસ અદાલત સેવાઓને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. ફરિયાદો 'સીનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ સુરત ડીવીઝન સુરત, નાનપુરા હેડ પોસ્ટ ઓફીસ ખાતે મોડામાં મોડી તા.22મી જુન સુધીમાં મળી જાય તેવી રીતે મોકલવાની રહેશે.